# અમદાવાદમાં કરા સાથે ધોધમાર વરસાદ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરમાં સતત બીજા દિવસે આજે સાંજના સુમારે તોફાની પવન અને કરા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. જેના પરિણામ સ્વરૂપે અનેક વિસ્તારોમાં હોર્ડિંગ્સ ધરાશાયી થઈ ગયા હતા. કિઓસ્ક પણ તૂટી ગયા હતા. અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાના કારણે પાણી પણ ભરાયા હતા. સંખ્યાબંધ મકાનોના છાપરા ઉડ્યા હતા. કરા સાથે વરસાદ તૂટી પડવાના કારણે લોકોમાં આશ્ચર્યનું મોજુ પણ ફેલાયું હતું. ભારે ગાજવીજ અને પવન તથા કરા સાથે કમોસમી વરસાદ તૂટી પડવાના પગલે શહેરના અનેક વિસ્તારોમાં કરા સાથે પડેલા વરસાદના પગલે એરપોર્ટ ઉપર વડાપ્રધાનના સ્વાગત માટે મુકવામાં આવેલા હોર્ડિંગ્સ,આફ્રીકન ડેલિગેટસ માટે લગાવવામાં આવેલા કીઓસ્ક તૂટી પડયા હતા.શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સાથે ૨૯ જેટલા વૃક્ષો ધરાશયી બનવા પામ્યા હતા.લાલ દરવાજા વિસ્તારમાં વૃક્ષ તુટી પડતા મહિલાને ઈજા પહોંચી છે.આ અંગેની વિગત એવી છે કે,રવીવાર બાદ આજે સતત બીજા દિવસે શહેરના વાતાવરણમાં અચાનક સાંજના સમયે પલ્ટો આવ્યો હતો.આ સાથે જ ભારે ગાજવીજ અને વીજળીના ચમકારાની સાથે શહેરના તમામ ઝોનમાં મોટા કરા સાથે વરસાદ તુટી પડયો હતો.શહેરના પશ્ચિમ વિસ્તારમાં નારણપુરા, પાલડી, વસ્ત્રાપુર અને વાસણા વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો.આ કારણે અનેક વિસ્તારોમાં થોડાક સમય માટે વીજ પુરવઠો પણ ખોરવાઈ જવા પામ્યો હતો.બીજી તરફ શહેરના નારણપુરા,કુબેરનગર સહીતના અન્ય વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડતા લોકોએ કરા સાથે વરસાદની મજા માણી હતી.શહેરના આંબાવાડી,વેજલપુર અને જજીસ બંગ્લા વિસ્તારમાં પણ ભારે કડાકા સાથે વરસાદ તુટી પડતા રોડસાઈડમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.શહેરના મધ્યઝોનના પણ અનેક વિસ્તારોમાં પવન સાથે વરસાદ પડવાની સાથે અનેક સ્થળોએ વૃક્ષો ધરાશયી બનવા પામ્યા હતા.શહેરના લાલદરવાજા વિસ્તારમાં આવેલી એસ.બી. આઈ.બેંક પાસે આવેલુ એક વૃક્ષ ધરાશયી બનતા ત્યાંથી પસાર થતા મહિલાને ઈજા પહોંચી હતી.





પધારો પ્રધાનમંત્રી : ગુજરાતની મુલાકાતે આવી પહોંચેલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ભચાઉ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે આદરપૂર્વક સ્વાગત કર્યું હતું.

## સાબરકાંઠા જિલ્લામાં જનસુવિધાના ૧૧૮ કરોડના કામોનું લોકાર્પણ મુખ્યમંત્રી કરશે

ગુજરાત આજે વિકાસની નવી ઉંચાઈઓ હાંસલ કરી રહ્યુંછે. રાજયના સમતોલ અને સર્વસમાવેશક વિકાસના ધ્યેય સાથે રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરીને ગુજરાતને ફાસ્ટ ટ્રેક મોડ પર મુકયું છે. આ શૃંખલામાં સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી રૂ. ૧૧૮ કરોડના જનસુવિધાના કામોનું લોકાર્પણ કરશે. ઈડર ખાતે ૨૫મી મેના રોજ સરપ્રતાપ હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં યોજાનાર કાર્યક્રમમાં જનસુવિધાના કામોની જાહેરાત પણ કરશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરા તથા અન્ય મંત્રીશ્રીઓ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

વિકાસ કાર્યોની રૂપરેખા આપતા જિલ્લા કલેકટરશ્રી પી.સ્વરૂપે જણાવ્યું કે આ કાર્યક્રમમાં પાણી પુરવઠાની ત્રણ યોજના દ્વારા ઈડર-વડાલી અને ખેડબ્રહ્મા શહેરી વિસ્તારના નગરજનોને શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે અંદાજે રૂ. ૯૬ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ બહુહેતુક યોજનાનું લોકાર્પણ કરવામાં આવશે. જયારે ધરતીપુત્રો પોતાની ખેતપેદાશોનું ઓછા ખર્ચે ઝડપથી વહન કરી શકે તે માટે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઈડર દ્વારા રૂ. ૭ કરોડના ખર્ચે તૈયાર કરેલ નવીન કોટન માર્કેટયાર્ડ, સાપાવાડાના મકાનનું લોકાર્પણ થનાર છે. જેનો સીધો લાભ આ તાલુકાના ૧૪૩ ગામોના ખેડૂતોને કપાસના વેચાણમાં થશે.



**સ્વ. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ**

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ૨૬મી પુણ્યતિથિએ દેશભરમાં શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત તથા સર્જન એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિનોદભાઈ મેણાત વેકેશનના કારણે પોતાના વતન અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં કિસનગઢ ગામે હોવાથી ત્યાં તેમણે સ્વ. રાજીવ ગાંધીને પુષ્પાંજલિ અર્પિત કરવા સાથે ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં બિસ્કિટનું વિતરણ કર્યું હતું.

# એરપોર્ટ પર મહાનુભાવોનો ધમધમાટ : લોખંડી સુરક્ષા

અમદાવાદ, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમો, તેમાં ઉપસ્થિત રહેનાર કેન્દ્રીય મંત્રીઓ સહિતના વીવીઆઈપી તેમ જ આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના એન્યુઅલ ફંકશનમાં ઉપસ્થિત રહેવા આવેલા ૮૪ કન્ટ્રી મેમ્બર્સની આવનજાવનને લઈ અમદાવાદ ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મહાનુભાવોની ચહલપહલથી ધમધમાટ જોવા મળી રહ્યો છે. બીજીબાજુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હી પરત જવાના હોઈ એરપોર્ટ પર લોખંડી સુરક્ષા કવચ ખડકી દેવાયુંછે. સીઆઈએસએફના જવાનો સહિતના સુરક્ષા જવાનોને સ્ટેન્ડ ટુના આદેશો જારી કરાયા છે. કંડલા અને કચ્છ-ભચાઉ ખાતેના કાર્યક્રમો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાત્રે ૯-૧૫ વાગ્યાની આસપાસ અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરવાના હોઈ એરપોર્ટ ઓથોરીટીએ અને સુરક્ષા એજન્સીઓએ સલામતીના કારણોસર પહેલેથી જ એરપોર્ટ સર્કલથી ટર્મિનલ સુધી વાહનોની એન્ટ્રી બંધ કરાવાઈ હતી. માત્ર વીઆઈપી અને વીવાઈપીઓની કારોને જ જરૂરી ચેકીંગ બાદ એન્ટ્રી આપવામાં આવતી હતી. આવતીકાલે મોદી જયારે દિલ્હી જવા રવાના થવાના છે તે દરમ્યાન પણ વાહનોની નો એન્ટ્રીની આ સીસ્ટમ લાગુ રહેશે. મોદીની વિદાય બાદ એરપોર્ટ સર્કલથી ટર્મિનલ સુધીનો રસ્તો સામાન્ય વાહનો માટે ખુલ્લો કરાશે. વડાપ્રધાન મોદીના ભરચક કાર્યક્રમો અને મહાત્મા ગાંધી મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના એન્યુઅલ ફંકશનને દેશ-વિદેશના મહાનુભાવોની ભારે ચહલપહલ અમદાવાદ એરપોર્ટ પર જોવા મળી હતી. વીઆઈપી અને વીવીઆઈપી મહાનુભાવોની આવનજાવન અને ચહલપહલ અને ફલાઈટોની નોંધનીય રીતે વધેલી ફ્રિકવન્સીને લઈ અમદાવાદ એરપોર્ટ પર ધમધમાટ જોવા મળ્યો હતો. એરપોર્ટ ઓથોરીટી દ્વારા કેન્દ્રીય મંત્રીઓ સહિત વીવીઆઈપી મહાનુભાવોની આગતા સ્વાગતા, સાધનસુવિધા અને વ્યવસ્થા માટે વીઆઈપી લોજ સહિતની વિશેષ વ્યવસ્થા અને આયોજનો કર્યા હતા.



**પાણસુર પાટીયા ખાતે ભાજપ લઘુમતી આગેવાનોની બેઠક મળી**

હિંમતનગરને અડીને આવેલા સવગઢના પાણપુર પાટીયા વિસ્તારમાં ગુજરાત હજ કમીટિના ચેરમેન મહમદઅલી કાદરીની ઉપસ્થિતિમાં ભાજપ લઘુમતી સમાજના આગેવાનો અને કાર્યકરો સાથે એક બેઠક મળી હતી. જેમાં ભાજપ સરકાર દ્વારા લઘુમતી સમાજ માટેની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરી સરકારની યોજનાઓનો પુરેપુરો લાભ લઘુમતી સમાજના લોકો મેળવે તે માટે જાગૃત બનવા હજ કમીટીના ચેરમેને આહવાન કર્યુ હતુ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે અગીયાર હજાર હાજીઓ માટે સરકારે કોટા મંજૂર કર્યા છે. બેઠકમાં ભાજપના અગ્રણીઓ મકબુલભાઈ પોથીગરા, હકીમભાઈ કંડીયા, ઈકબાલભાઈ મલેક, સત્તારભાઈ મેમણ, મોહસીન બાવન, સાજીદભાઈ રેવાસીયા, શફીભાઈ મેમણ, મહેબુબભાઈ, ભીખાભાઈ મનસુરી, સાબીરભાઈ પઠાણ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ભાજપના મહામંત્રી વિજયસિંહ વણઝારા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# હાલ લાખો ખેડૂતો સિંચાઈના પાણી વિના ભારે મુશ્કેલીમાં

અમદાવાદ, તા.૨૨

૨૦૦૧ થી ૨૦૧૪ સુધી નર્મદા કેનાલ નેટવર્ક ઉભુ કરવામાં ગુન્હાહિત બેદરકારી ઈચ્છા શક્તિઓનો અભાવ પરિણામે ૪૫૦૦૦ કિ.મીનું માઈનોર કેનાલનું કામ બાકી હોવાના કારણે આજે ગુજરાતના ભાગે આવતું ૯ મિલીયન એકર ફીટ પાણીમાંથી માત્ર ૩ મીલીયન એકર ફીટ પાણીનો જ ઉપયોગ થઈ રહ્યો છે. ગુજરાતના ૮ હજાર ગામો, ૧૩૦ વધુ નગરપાલિકા વિસ્તાર અને અમદાવાદ, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ સહિતના મહાનગરોના નાગરિકો પીવાના પાણી માટે હેરાનગતિનો ભોગ બની રહ્યા છે. સાથોસાથ લાખો ખેડુતો સિચાઈના પાણી વિના આર્થિક અને માનસિક હાલાકીનો ભોગ બની રહ્યા છે. ત્યારે નર્મદાના પાણીના મુદ્દે કાર્યક્રમો જાહેરાતોને બદલે નક્કર અને ગંભીર કામગીરીની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, નર્મદાનું પાણી ભચાઉમાં નાખવાની વાત કરે છે. તેમાં વચ્ચે બ્રાન્ચ કેનાલમાં પાણી પણ મળતું નથી. માળીયા બ્રાન્ચ કેનાલના ૧૪ ગામો, મોરબી બ્રાન્ચ કેનાલના ૮ ગામો અને ધ્રાગંધ્રા બ્રાન્ચ કેનાલના ૬ ગામોમાંથી પાણી પસાર થાય છે. તે કેનાલના ૫૦ કિ.મી વિસ્તારમાં પાણીનું ટીપુ પણ નથી. મોરબીથી ૮ કિ.મી દુર બેલા ગામનું ગામ ૨૦ વર્ષથી પાણી માંગણી કરે છે. જે સરકાર આપતી નથી જ્યાંથી મોરબી કેનાલ પસાર થાય છે. જયાંથી આ કેનાલ પસાર થાય છે તે ત્રણ કેનાલમાં પાણી છે જ નહીં. સાબરમતી નદીમાં સંતો સાથે રાખી. બોટમાં જઈ પાણી નાખ્યુ હતું. સિધ્ધપુરમાં સરસ્વતી નદીમાં કરોડો રૂપિયાના ખર્ચે પાણી નાખ્યું હતું. આજે એક ટીપુ પણ પાણી નથી. તેજ રીતે બોટાદમાં ભીમદડ અને કૃષ્ણસાગર તળાવમાં પાણી નાખ્યાને ૪૮ કલાક પછી ખાલી ખમ થઈ ગયા છે. ભચાઉમાં નર્મદાનું પાણી નાખે છે. તે કેનાલ મોરબી માળીયા ધ્રાગંધ્રા આ ત્રણ બ્રાન્ચ કેનાલો છે. આ ત્રણે થઈ ૫૦ કિ.મી થી વધારે વિસ્તાર છે. જેમાં ૩૦ ઉપરાંત ગામો છે. જે ગામોને પાણી મળતું નથી. આજ વિસ્તારમાંથી કેનાલ મારફતે પાણી ભચાઉ જવાનું છે. આ વિસ્તારમાંથી કરોડો રૂપિયાના ખર્ચ કરીને ઉદઘાટનના તાયફા થયા છે. જેની દશા સરસ્વતી-સાબરમતી અને બોટાદના ભીમદડ અને કૃષ્ણસાગર તળાવ જેવી તો નહીં થાય ને. ગુજરાતના નાગરિકો સાથે પાણીના મુદ્દે ભાજપ સરકારની છેતરપીડી અને ભ્રષ્ટાચારની નિતી રીતીને ખુલ્લી પાડતા મનિષ દોશીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૨માં ચૂંટણી સમયે રૂપિયા ૧૦,૦૦૦ કરોડના નાણા સાથે સૌની યોજનાની તત્કાલીન મુખ્યમંત્રી મોદીએ જાહેરાત કરી હતી.

### ચોમાસા દરમિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સલાહ પણ એન.જી.ઓ.ને આપી છે. તેમજ ચોમાસામાં આવા પક્ષીકુંજોને દૂર કરી દેવા પણ જણાવાયુ છે. તંત્રએ આ વખતે શહેરમાં કોઈ મોટા રોગચાળાનો ભય હોવાની શક્યતા હાલ ટાળી છે. શહેરમાં હમણાં કમળાના નોંધાયેલા કેસો પછી પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવાયું છે. કમળાના કેસો અખાદ્ય ચીજોના આહારથી થયા હોવાનું અનુમાન તંત્રએ કર્યુ છે.

### ખરીફ વાવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આ વખતે ખરીફ પાકમાં ઘાસચારા ઉપરાંત શાકભાજીના પાકોનું વાવેતર સારૂ થશે એમ માનવામાં આવે છે. આ ઉપરાંત મગફળી અને અન્ય પાકોની સાથે કપાસનું વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે.

### અદબ પલાંઠી... ● ૪ પાનાનું ચાલુ...

સંસ્કૃત પ્રત્યે આકર્ષાય તે માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી ઉચ્ચતમ ધ્યેય હાંસલ કરવા જોઈએ. મોબાઈલ, ટેબલેટ, વિવિધ એપ, વગેરેના ઉપયોગ થકી સંસ્કૃતના પ્રચાર અને પ્રસારને વેગ આપવો ઘટે.

સમાજના દરેક વર્ગે સંસ્કૃતના પ્રચાર-પ્રસારમાં રસ લેવો ઘટે અને તે અપેક્ષિત પણ છે. (સ્રોત :ડૉ.મધુસૂદન મ. વ્યાસ)

**મિસરી**

પ્રેમના નામે હું માણસ મુશળદાર છું
સાવ ખાલી છે ખીસા પણ માણસ દિલદાર છું
આંખમાં આંખ નાખી ન દેખો મને
થઈ જશે પ્રેમ હું બહુ અસરદાર છું.

### વિચારયાત્રા ● ૪ પાનાનું ચાલુ...

માતા સામે જ છે છતાં ખરેખર તેને જોવાનું ચૂકી જવાય છે.
કવિ દલપતરામે કહ્યું છે તેમ - અરે એ બધું શું ભલુ જૈશ ભૂલી,
લીધી ચાકરી આકરી જે અમૂલી ? સદા દાસ થૈ વાળી આપીશ સાટું
મહા હેતવાળી દયાળી જ મા તું,
પણ હું ને તમે માનું ઋણ તેના દાસ થઈને પણ શું ચૂકવી શકીએ ખરા ! ઉમાશંકર જોષી કહે છે - માતાનું ઋણ કોણ ચૂકવી શક્યું છે ? ખરું જોતાએ ઋણ નથી. ઋણ ગણીને એનો રૂપિયા - પૈસામાં હિસાબ માંડવા આવે અને ઋણ ચૂકવવાનો સ્વયં ભગવાન હવાલો લે તો ભગવાનનું પણ દેવાળું નીકળે.

લખાણના અંતે રઘુવંશના દસમા સર્ગનો એક શ્લોક યાદ આવે છે.
મહિમાનં યદુત્કીત્યં તવ સંહિયતે વચઃ।
શ્રમેણ તદશકત્યા વા ન ગુણાનામિત્તયા॥

તારો મહિમા ગાતાં-ગાતાં અમારે કયાંક તો અટકવું પડે જ છે. એનું કારણ, એક તો એ કે ગાતા ગાતાં અમે થાકી જઈએ છીએ, તેમજ તારા ગુણનો હિસાબ જ રાખી શકતા નથી, તારા ગુણની વાત પૂરી થઈ તેથી અમે અટક્યા, એવું નથી.

- jayuoza@gmail.com, (Mo. 9898046488)

### ગુજકેટનું પરિણામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે બાયોલોજીમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને એક માર્ક બોર્ડ દ્વારા અપાયો છે. રાજયમાં આવેલી ડિગ્રી એન્જિનીયરીંગ અને ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટે અત્યારસુધીદ જેઈઈ મેઈનની પરીક્ષા લેવાતી હતી, પરંતુ રાજય સરકાર દ્વારા જેઈઈ મેઈનની પરીક્ષાને બદલે ગુજકેટની પરીક્ષા ફરીથી અમલમાં મૂકાતા આ વખતે પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ હતી. બોર્ડ દ્વારા તા.૧૦મી મેના રોજ લેવાયેલી આ પરીક્ષામાં ગણિતનું પેપર ખૂબ જ અઘરૂં પૂછાતાં વિદ્યાર્થીઓ રીતસરના રડી પડયા હતા. ગુજકેટની પરીક્ષામાં એ ગ્રુપમાં ૬૭ હજારથી વધુ, બી ગ્રુપમાં ૬૬ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ અને એબી ગ્રુપમાં ૪૩૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. રાજયભરમાંથી કુલ ૧.૩૪ લાખ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. રાજયમાં ૩૪ જેટલા પરીક્ષા કેન્દ્રો ખાતે ૫૭૮ બિલ્ડીંગમાં ૬૭૭૩ બ્લોકમાં પરીક્ષા લેવાઈ હતી. ગુજકેટની પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા પ્રોવીઝનલ આન્સર કી જાહેર કરાઈ હતી, ફિઝિક્સ-કેમેસ્ટ્રીના પેપરમાં એક પ્રશ્નની ભૂલ હોવાથી અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના તમામ વિદ્યાર્થીઓને તે પ્રશ્ન માટે એક માર્ક આપવાનો બોર્ડ દ્વારા નિર્ણય લેવાયો હતો. જયારે બાયોલોજીના અંગ્રેજી માધ્યમના પેપરમાં એક પ્રશ્નમાં ભૂલ હોઈ તેમાં અંગ્રેજી માધ્યમના તમામ વિદ્યાર્થીઓને એક ગુણ આપવાનું નક્કી કરાયું હતું. ગણિતના એક પ્રશ્નના જવાબમાં ફેરફાર થયો હતો. હવે જયારે ગુજકેટની પરિણામને લગતી તમામ તૈયારીઓ બોર્ડ દ્વારા પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે ૨૩મીએ સવારે ૮-૦૦ વાગ્યે બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર પરિણામ જાહેર કરવામાં આવશે. બોર્ડ દ્વારા આવતીકાલે પરિણામના દિવસે જ વિદ્યાર્થીઓને ગુજકેટના પરિણામની માર્કશીટ મળી જાય તેવું આયોજન પણ કરાયું છે.

### કન્સ્ટ્રક્શન વેસ્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાસેથી આ દરની વસુલી કરવામાં આવશે. આ દર કેટલો રહેશે તે નિયત કરવાની જવાબદારી મ્યુનિ. કમિશનરને સોંપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કન્સ્ટ્રક્શન વેસ્ટના નિકાલ માટે સ્ટેશનરી પ્લાન્ટ ગાંધીનગર મનપા માટે વાયેબલ ન હોવાથી અમદાવાદ કોર્પોરેશન સાથે પરામર્શમાં રહી આ એજન્સી સાથે ૩ વર્ષ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. દરમ્યાન મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડેબ્રીઝ ચાર્જના હાલના જે દરો છે તેમાં આગામી દિવસોમાં સુધારો કરવામાં આવશે.

આ કન્સ્ટ્રક્શન વેસ્ટમાંથી ઉત્પાદન થતા ઉત્પાદનો ૨૦ ટકા સુધી બાયબેક કરવાના રહેશે તેવી આકરી શરત એમ.ઓ.યુ.માં રાખવામાં આવી છે. હવે ગાંધીનગરમાં ડેબ્રીઝનો ગમે ત્યાં નિકાલ થઈ શકશે નહિ. આ ઉપરાંત આ માટે કોર્પોરેશન વિસ્તાર માટે ખાસ કાયદો પણ બનાવવામાં આવ્યો છે તેનો અમલ આ સાથે શરૂ થશે.

### નંદનવન બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલા અહિંની જમીનનો ભાવ પર એકર રૂા.૪૦ થી ૫૦ હજાર હતો જે આજે રૂા. ૪ થી ૫ લાખ થયો છે. ઉપરાંત અહિંના ખેડુતો જે માત્ર કુદરત ઉપર આધારિત રહી વરસાદી ખેતી કરતા હતા તેમના ખેતરો હવે નર્મદા નીર થકી શીયાળુ પાકથી પણ લહેરાશે. ઉપરાંત કચ્છમાં હાલ ૨૦ ટકા જેટલો વિસ્તાર સિંચાઈ હેઠળ છે. જેમાં નર્મદા નીર નોંધપાત્ર વધારો થશે. અને કચ્છના ખેડુતોની આર્થીક સમૃધ્ધી વધશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૮ એપ્રિલ ૨૦૧૫ ના રોજ કચ્છ શાખા નહેરમાં ૧૪૪ કિ.મી. લંબાઈ સુધી રાપર તાલુકાના જેસડા ગામ સુધી પાણી વહેડાવ્યું હતું. આજે ભચાઉ પાસેનું ત્રીજું પમ્પીંગ સ્ટેશન કાર્યાન્વીત કરી કચ્છ શાખા નહેરની સાંકળ ૨૧૪ કિ.મી. સુધી પાણી વહેડાવવામાં આવી રહયું છે. કેવડીયાથી નહેર દ્વારા ૬૦૦ કિ.મી. લંબાઈમાં પાણી વહેડાવી ટપ્પર ડેમ સુધી પાણી પહોંચશે. કચ્છ શાખા નહેરની સાંકળ ૧૮૯.૯૭ કિ.મી. છે. આ નહેરનું બાંધકામ ૧૦ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ સાથે ખર્ચ રૂા. ૧૪૮.૨૬ કરોડ થયો છે.

### નિર્ણાયક બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું હતું કે, કંડલાને ઈરાનના ચાભર બંદરની કનેકટીવીટી અપાશે. પોતાના મુખ્યમંત્રી વખતના કચ્છ પ્રત્યેના અપાર પ્રેમના સંસ્મરણો વાગોળી વડાપ્રધાને કચ્છની ખમીરી, સંસ્કૃતિ અને વિકાસની ભરપુર તકોને ઉજાગર કરતા કહ્યું કે, કંડલા બંદર અત્યારે એશિયામાં મહત્વના બંદર તરીકે ઉભરી રહ્યું છે. દેશના ૭૫૦૦ કિ.મી દરિયા કિનારાનો ઉપયોગ રજુ નવા સામુદ્રિક વેપાર સાથે અને પરિવહન સાથે જોડવાની પ્રતિબધ્ધતા વડાપ્રધાનએ વ્યક્ત કરી હતી. ઐતિહાસીક સ્થળ લોથલમાં બનનાર મ્યુઝીયમ પણ ગુજરાતની આગવી ઓળખ બનશે તથા સમગ્ર દેશ પંડીત દિનદયાળ ઉપાધ્યાયની જન્મશતાબ્દી ઉજવી રહ્યો છે ત્યારે દરીદ્રના વિકાસ માટે પ્રતિબધ્ધ એવા કંડલા પોર્ટ ટ્રસ્ટનું નામાભિધાન દીન દયાળ પોર્ટ કંડલા રાખવા પ્રધાનમંત્રીએ સુચન કર્યુ હતું. દેશની આઝાદી માટે અનેક સપુતોએ શહિદી વહોરી છે. દેશ માટે કઈક કરવાનો આ સમય છે. વર્ષ ૨૦૨૨માં દેશની આઝાદીને ૭૫ વર્ષ થશે વડાપ્રધાને દરેક સ્વરાજ સંસ્થાઓ, રાજય સરકારો અને નાગરિકોને ગરીબોના કલ્યાણની ભાવના સાથે દેશને નવી ઉચાઈ પર લઈ જવા આજથી જ સંકલ્પબધ્ધ થવા આહવાન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લઈને સંબોધન કર્યુ હતુ. મોદીએ કહ્યું હતુ કે કંડલા લઘુ ભારત છે. આગામી ટૂંક સમયમાં ચાભાર પોર્ટની સાથે તેને જોડવામાં આવશે. મોદીએ આજથી બે દિવસની યાત્રા શરૂ કરી હતી.

### રોચક વિજય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહેન્દ્રસિંહ ધોની, મનોજ તિવારી બિલકુલ ફલોપ રહ્યા હતા. જેના કારણે મુંબઈએ જીત મેળવી હતી. મુંબઈ તરફથી જોન્સને ચાર ઓવરમાં ૨૬ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે મેન ઓફ દ મેચ તરીકે હાર્દિક પંડ્યાની પસંદગી કરવામાં આવી હતી. આની સાથે જ મુંબઈ ઈન્ડિયન્સે ત્રીજી વખત ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. હાઈડ્રામા સાથે આ મેચ રમાઈ હતી. આ રોમાંચક મેચમાં ભારે ઉતારચઢાવની સ્થિતી જોવા મળી હતી. જોન્સનની છેલ્લી ઓવરના પ્રથમ બોલ પર મનોજ તિવારીએ ચોગ્ગો ફટકારીને મેચ પોતાની તરફેણમાં કરી હતી. પરંતુ બીજા બોલ પર તે આઉટ થયો હતો. છેલ્લી ઓવરમાં પુણેને જીતવા માટે ૧૧ રનની જરૂર હતી. પ્રથમ બોલ પર ચોગ્ગો ફટકારી દેવામાં આવ્યો હતો. જોન્સને હિમ્મત હાર્યા વગર છેલ્લી ઓવરમાં બે વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયા અને પુણેની ટીમના કેપ્ટન સ્ટીવ સ્મીથની વિકેટ પણ જોન્સને ઝડપી હતી. છેલ્લી ઓવરમાં મેચ અતિ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ હતી. આઈપએલ-૧૦માં મુંબઈની ટીમ ફરી ચેમ્પિયન બની હતી. મેચ જીતી લેવાની સાથે જ મેદાન પર આતશબાજીનો શાનદાર નજરો જોવા મળ્યો હતો.

### બે વર્ષની સજા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી અનિયમિતતાઓના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કોર્ટે સીએ અમિત ગોયલને આ મામલામાં નિર્દોષ જાહેર કરી દીધા હતા. ગુપ્તા, ક્રોફા અને સમાલીયા ઉપરાંત કોર્ટે કંપની કેએસએસપીએલ અને તેના એમડી પવનકુમાર અહલુવાલિયાને પણ દોષિત ઠેરવ્યા હતા. સુનાવણી દરમિયાન સીબીઆઈએ આક્ષેપ કર્યો હતો કે કેએસએસપીએલ દ્વારા કોલસા બ્લોક માટે દાખલ કરવામાં આવેલી દરખાસ્તમાં પુરતી માહિતી આપવામાં આવી ન હતી. સાથે સાથે જરૂરી દિશા નિર્દેશો પાળવામાં આવ્યા ન હતા. જેના પરિણામ સ્વરૂપે મંત્રાલય તરફથી આ દરખાસ્તને ફગાવી દેવાની જરૂર હતી. સીબીઆઈએ આક્ષેપ કર્યો હતો કે કંપનીએ પોતાની નેટવર્થ અને વર્તમાન ક્ષમતાને ખોટી રીતે રજુ કરી હતી. સુપ્રિમ કોર્ટે તાજેતરમાં જ આ તમામ મામલાઓમાં સંયુક્ત કાર્યવાહી કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. કોલસા પ્રધાનને લઈને દેશભરમાં ભારે હોબાળો રહ્યો હતો. સનસનાટીપૂર્ણ આ કૌભાંડને લઈને તત્કાલિન મનમોહનસિંઘ સરકાર હચમચી ઉઠી હતી.